# સમુદ્ર પ્રદુષણ કંટ્રોલ કરતા શીપનું મગદલ્લા ખાતે લોન્ચીંગ કરાયું

■ રૂા. ૧૩૦ કરોડના આ જહાજથી દરિયામાં ઢોળાતા ઓઈલને અલગ તારવી લેવાય તો કોસ્ટગાર્ડ પેટ્રોલીંગ પણ કરી શકે

સુરત, તા. ૨૦

દરિયાઈ જહાજ બનાવતી એબીજી શીપયાર્ડ દ્વારા દરિયાઈ પ્રદુષણને દુર કરતા પોલ્યુશન કન્ટ્રોલ વેસલ્સ (પીસીવી) કે જેનો ઉપયોગ ઈન્ડીયન કોસ્ટગાર્ડ કરી શકે છે તેવા શીપ 'સમુદ્ર પ્રહરી'નું લોન્ચીંગ કરાયુ હતુ. ડાયરેક્ટર જનરલ ઓફ ઈન્ડીયન કોસ્ટગાર્ડ આરએફ કોન્ટ્રાક્ટરના પત્ની થ્રીટી કોન્ટ્રાક્ટરના હસ્તે આ શીપનું લોન્ચીંગ કરાયુ હતુ.

એબીજી શીપયાર્ડના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર રિષી અગ્રવાલે જણાવ્યુ હતુ કે ભારત પાસે સેંકડો કિલોમીટરનો દરિયાકાંઠો છે. દરિયાઈ રસ્તે ભારતની કુલ જરુરિયાતના ૯૯ ટકા ઓઈલ આવે છે. જે શીપમાંથી ઘણીવાર લીક થઈ જાય છે અને કરોડોનું નુકશાન થાય છે.

ઉપરાંત દરિયાઈ જીવોને પણ તેનાથી નુકશાન થાય છે. ત્યારે એબીજી શીપયાર્ડે એક એવુ યુનિક વેસલ્સ બનાવી છે જેનાથી દરિયામાં ઢોળાયેલુ પાણી મિશ્રિત ઓઈલ વેસલ્સ શોષી લે છે અને પાણી છુટુ પાડીને બહાર ફેંકી દે છે. જ્યારે ઓઈલ અલગ તારવી લે છે. રિષી અગ્રવાલે જણાવ્યુ કે આ પ્રકારનું શીપ સૌપ્રથમ વાર રજુ થઈ રહ્યુ છે જેનું માર્કેટ બનવાની કંપની આશા સેવી રહી છે. આ યુનીક શીપનો ઉપયોગ માત્ર પાલ્યુશન કંટ્રોલ માટે જ નહીં પરંતુ સાથો સાથ કોસ્ટગાર્ડ તેનો ઉપયોગ દરિયાઈ પેટ્રોલીંગ કરવા માટે પણ કરી શકે છે.

રોલ્સરોયસ મરીન દ્વારા જેની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે તે 'સમુદ્ર પ્રહરી' તેના પ્રકારના ત્રણ જહાજ પૈકી પહેલુ છે જે ઈન્ડીયન કોસ્ટગાર્ડને વેચવામાં આવશે. આવા એક જહાજની કિંમત રૂા. ૧૩૦ કરોડ છે. આ જહાજ બનાવવામાં ત્રણ વર્ષ લાગે છે. ઈન્ડીયન કોસ્ટગાર્ડના



એબીજી શીપયાર્ડ દ્વારા તૈયાર કરાયેલ 'સમુદ્ર પ્રહરી'ના લોન્ચીંગ સમયે (ડાબેથી) કંપનીના ચેરમેન રીષી અગ્રવાલ, ડાયરેક્ટર જનરલ ઓફ ઈન્ડીયન કોસ્ટગાર્ડ આરએફ કોન્ટ્રાક્ટર, તેમના પત્ની થ્રીટી કોન્ટ્રાક્ટર, ડેપ્યુટી મેયર સુષ્મા અગ્રવાલ અને રિષી અગ્રવાલના પત્ની. (નિર્ભય કાપડિયા)

ડાયરેક્ટર જનરલ આરએફ કોન્ટ્રાક્ટરે જણાવ્યુ હતુ કે મરીન એન્વાયરોમેન્ટ એ કોસ્ટગાર્ડની પ્રાયોરીટી છે. ગલ્ફમાંથી ઈમ્પોર્ટ થતા ઓઈલ પૈકી મોટો જથ્થો સમુદ્રમાં ઢોળાઈ જાય છે ત્યારે એબીજી શીપયાર્ડના વેસલ્સ શીપ અમને ખાસી મદદ પુરી પાડશે. જેનાથી દરિયાઈ જીવોનો પણ બચાવ થશે. આ જહાજ એવા છે કે તેના પર ચેતક, એએલએચ અને સી કીંગ નામના હેલિકોપ્ટર્સ પણ લેન્ડ કરી શકે છે.


For all Occasions & For all Seasons

Treat Resort SILVASSA

24 acres of sheer luxury

Ideal Resort for Marriages & Conferences

Treat Water Park

A mind-blowing leisure spot

98981 78000, 98984 78000

કાશ્મીર-ગુલમર્ગ-પહેલગાંવ
પ્રતિ વ્યક્તિ રૂા. ૭૫૦૦-૦૦*
હાઉસબોટ તેમજ હોટલમાં રોકાણ
દિલ્હી-સિમલા-મનાલી
પ્રતિ વ્યક્તિ રૂા. ૧૦૦૦૦-૦૦*
કેરાલા-એલપ્પી-થેકડી-મુન્નાર
પ્રતિ વ્યક્તિ રૂા. ૧૦૦૦૦-૦૦*
ગંગટોક-પેલીંગ-દાર્જીલીંગ
પ્રતિ વ્યક્તિ રૂા. ૧૨૦૦૦-૦૦*
બદ્રીકેદાર-ગંગોત્રી-યમનોત્રી
પ્રતિ વ્યક્તિ રૂા. ૧૩૩૦૦-૦૦*
ગરવી ગુજરાત-દ્વારકા-સોમનાથ-સાસણ
પ્રતિ વ્યક્તિ રૂા. ૪૧૨૫-૦૦*
શરતોને આધિન*

Domestic-International Air ticket

IATA

Shakti TRAVELS

ESTD : 1977

અનિલકુંજ, પાલડી ચારરસ્તા, અમદાવાદ
ફોન : ૨૬૫૭૭૧૧૧ - ૨૨૨, ૩૦૦૭૫૧૧૧
inquiry_domestic@shaktitravels.com
www. shaktitravels.com

પાન એર ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
પંડોલ ચેમ્બર્સ, ટીમલીયા વાડ, નાન પરા, સુરત.
ફોન : ૨૪૬૩૧૬૭, ૨૪૬૩૯૯૦

REM

હવે રજૂ કરે
પેડસ્ટલ,
મિકસર,
અંબિકા ઈલે
લાઈટ
● સુરત :
● નવસારી
● બીલીમોર
● અમલસા

નવરોઝ મુ

આજે ૨૧ માં વર્ષમાં મંગળ

• વેપારીમિત્રો, ઈન્ડસ્ટ્રીયાલીસ્ટો, ગ્રાહકબંધુઓનો
• જાણ્યે અજાણ્યે અમારા વ્યવહારમાં કોઈ ક્ષતિ રહી
• હવે પછી નૂતન વર્ષમાં ગત વર્ષો કરતા વધુ સહકા

મારફતીયા એજ

અશોક જયોત ઓકસીજન પ્રા.લિ

ઉધના ઓફીસ : રોડ નં. ૯, ઉદ્યોગનગર, ઉ
ફોનઃ ૨૨૭૮૧૦૯/૨૨૭૮૦
સચીન ઓફીસ : ૫૧૦૨/૮, રોડ નં. ૫૧, જી.
જી. સુરત. ફોનઃ ૨૩૯૮૬૫
હજીરા ઓફીસ : એકલવ્ય પેટ્રોલપંપની સામે

ઓકસીજન, એસીટીલીન, નાઈટ્રોજન
$CO_2$, એલ.પી.જી. ત્થા મીક્ષ્ચર ગેસીસ
હાર્ડવેર એન્ડ ટુલ્સ બિલ્ડીંગ

આજના શુભદિને અમારી હાર્દિક શુભે

❖ એઈમ્સ ઈન્ડસ્ટ્રીઝ લીમ
❖ પદ્માવતી પ્રોડકટ પ્રા.
❖ એટ્રોન ઈન્ડસ્ટ્રીઝ
❖ અલ્ટ્રા પ્યોર ગેસીસ (ઈ)